RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 258* Date: 08 .07.2023, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# ૮૨ હોય કે ૯૨ તેનાથી કોઈ ફરક પડતો નથીઃ શરદ પવારનો હુંકાર



એજન્સી, નવી દિલ્હી

એનસીપીમાં બળવા પછી નવી દિલ્હીમાં યોજાયેલી પક્ષની વર્કિંગ કમિટીની બેઠકમાં શરદ પવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેઓ એનસીપીના પ્રમુખ છે. રાજકીય સંન્યાસ લેવાની અજિત પવારની સલાહ પર વળતો હુમલો કરતાં શરદ પવારે જણાવ્યું હતું કે અટકવાનો પ્રશ્ન ઉભો થતો નથી. હવે હું વધુ અસરકારક રીતે કામ કરીશ, પછી ભલે મારી ઊંમર ૮૨ હોય કે ૯૨. તેનાથી કોઈ ફરક પડતો નથી.પક્ષની વર્કિંગ કમિટીની બેઠકમાં તાજેતરમાં એનડીએ સાથે હાથ મિલાવનારા અજિત પવાર, પ્રફુલ પટેલ, સુનિલ તટકરે અને અન્ય નવ લોકોને પક્ષમાં હાંકી કાઢવાના નિર્ણયને બહાલી આપવામાં આવી હતી. આ બેઠકમાં કુલ આઠ ઠરાવો પસાર કરાયાં હતાં. જોકે અજિત પવાર કેમ્પે આ બેઠકને ગેરકાયદેસર ગણાવી હતી.

વર્કિંગ કમિટીની બેઠક પછી એનસીપીના નેતા પી સી ચાકોએ જણાવ્યું હતું કે શરદ પવાર રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે. અમે કોઈના રાષ્ટ્રીય અધ્યક્ષ હોવાના દાવાઓને ગંભીરતાથી લેતા નથી. અમારું સંગઠન હજુ પણ અકબંધ છે અને અમે શરદ પવારના સમર્થનમાં છીએ.બીજી તરફ અજિત પવાર કેમ્પે નવી દિલ્હીમાં યોજાયેલી વર્કિંગ કમિટીની બેઠકને ગેરકાયદેસર ગણાવી હતી અને જણાવ્યું હતું કે અજિત પવાર ૩૦ જૂન ૨૦૨૩ના રોજ દ્ગઝ્રઁના ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ વિવિધ સંગઠનાત્મક પદ પર કામ કરતા સભ્યોના જબરજસ્ત સમર્થન સાથે દ્ગઝ્રઁના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા છે.નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી)માં બળવા પછી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ગુરુવારે શરદ પવારને તેમના નિવાસસ્થાને મળ્યાં હતાં અને આ મરાઠા નેતાને પોતાનું સમર્થન આપ્યું હતું. એનસીપીની વર્કિંગ કમિટીની બેઠક બાદ શરદ પવારે મીડિયાને સંબોધન કર્યું હતું. આ પછી તરત કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી એનસીપીના દિગ્ગજ નેતાના સત્તાવાર નિવાસસ્થાન ૬, જનપથ પહોંચ્યા હતાં.ભાજપના નેતા કેશવ ઉપાધ્યાયે ગુરુવારે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના કેટલાક મંત્રીઓને સામેલ કરવાનો અર્થ એ નથી કે ભાજપે તેમની સામેની તપાસમાં બાંધછોડ કરી છે અથવા તો તેમના ક્લીન ચિટ આપી છે. તપાસ એજન્સીઓ સ્વતંત્ર છે અને તેઓ તેમનું કામ કરે છે. જે થવાનું છે તે થશે. ભાજપે ન્યાયિક પ્રક્રિયામાં સમાધાન કર્યું નથી. કોઈને ક્લીનચીટ આપવી એ અમારું કામ નથી, તે માત્ર કોર્ટનો અધિકાર છે.મહારાષ્ટ્ર સ્ટેટ કો-ઓપરેટિંગ બેન્ક (સ્જીઝ્રમ્) સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ઈડીએ દાખલ કરેલી ચાર્જશીટને ધ્યાનમાં લીધા પછી મુંબઈની સ્પેશ્યલ કોર્ટે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નજીકના સહયોગીઓએ સાવ સસ્તા ભાવે એક ખાંડ સહકારી મંડળીની મિલકતો ખરીદી હતી. આ કેસની ચાર્જશીટ, દસ્તાવેજો અને સાક્ષીઓના નિવેદનોને ધ્યાનમાં લઈને વિશેષ ન્યાયાધીશ એમજી દેશપાંડેએ બુધવારે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે તે ગુનાહિત પ્રવૃત્તિમાંથી ગુનાની કમાણીનું ક્લાસિક ઉદાહરણ છે અને તે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ ગુનો બને છે. તેથી તમામ આરોપીઓ સામે સમન્સ સહિતની પ્રક્રિયા ચાલુ કરવાના યોગ્ય, સચોટ અને પ્રથમ દૃષ્ટિએ પર્યાપ્ત આધારો છે. કોર્ટે તમામ આરોપીને ૧૯ જુલાઈ રૂબરુ અથવા વકીલ મારફત હાજર થવાનો પણ આદેશ આપ્યો હતો.

## કોઈમ્બતુરના DIG વિજયકુમારે આત્મહત્યા કરીઃબંદૂક ધારી પાસે પિસ્તોલ માંગી, પછી પોતાને ગોળી મારી

તમિલનાડુમાં, કોઈમ્બતુર રેન્જના ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ સી વિજયકુમારે આત્મહત્યા કરી. તેમણે સર્વિસ રિવોલ્વરથી પોતાને ગોળી મારી. પોલીસના જણાવ્યા અનુસાર, ડીઆઈજી વિજયકુમારે શહેરના રેડ ફિલ્ડ્સમાં બનેલા મકાનમાં સવારે લગભગ ૬.૧૫ વાગ્યે જીવનનો અંત આણ્યો હતો.તેમણે કયા કારણોસર આ પગલું ભર્યું તેની તપાસ કરવામાં આવી રહી છે. તેના સાથીદારોના જણાવ્યા અનુસાર, તેણે કહ્યું હતું કે તે છેલ્લા કેટલાક દિવસોથી તણાવમાં હતા.

૪૫ વર્ષીય વિજયકુમારના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. ૨૦૦૯ બેચના આઈપીએસ અધિકારીએ આ વર્ષે ૬ જાન્યુઆરીએ ડીઆઈજી તરીકેનો ચાર્જ સંભાળ્યો હતો.આ પહેલા, તેઓ અન્ના નગર, ચેન્નાઈના ડેપ્યુટી પોલીસ કમિશનર તરીકે અને કાંચીપુરમ, કુડ્ડલોર, નાગપટ્ટનમ અને તિરુવરુરના પોલીસ અધિક્ષક તરીકે નિયુક્ત હતા.જોકે, અહેવાલોમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે વિજયકુમાર સવારે ચાલવા ગયા હતા અને લગભગ ૬.૪૫ વાગ્યે તેમની કેમ્પ ઓફિસ પહોંચ્યા હતા. તેણે તેના અંગત સુરક્ષા અધિકારી (પીએસઓ) પાસે તેની પિસ્તોલ માંગી. આ પછી તે ઓફિસની બહાર આવ્યા. તેમણે સવારે લગભગ ૬.૫૦ વાગ્યે પોતાને ગોળી મારી દીધી. વિજયકુમારે તેમના સાથીદારોને કહ્યું હતું કે તેઓ થોડા અઠવાડિયાથી બરાબર ઊંઘી શકતા નથી અને ડિપ્રેશનમાં હતા.

## ખરાબ હવામાનના કારણે અમરનાથ યાત્રા રોકી દેવાઈ, બદરીનાથ હાઈવે બંધ

હવામાન વિભાગએ આગામી ૨૪ કલાકમાં બિહાર અને તેલંગાણા સિવાય દેશનાં તમામ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. જમ્મુ-કાશ્મીરમાં ભારે વરસાદ અને ખરાબ હવામાનને કારણે અમરનાથ યાત્રા સ્થગિત કરવામાં આવી છે. ઉત્તરાખંડના ચમોલીમાં પહાડો પરથી પથ્થરો પડવાના કારણે બદરીનાથ હાઈવે પણ બંધ છે. છેલ્લા ૧૦ દિવસમાં આ હાઈવે ચોથી વખત બંધ કરવામાં આવ્યો છે.ઉત્તરાખંડના ધારચુલામાં શુક્રવારે વાદળ ફાટવાથી એક પુલ ધોવાઈ ગયો હતો. અહીં ચલ ગામમાં ૨૦૦ લોકો ફસાયેલા છે.



બચાવકાર્યમાં ગયેલી જીદ્ઘઇહ્લની ટીમ પણ ફસાઈ ગઈ છે.ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશમાં ગુરુવારે વીજળી પડવાથી ૧૩ લોકોએ જીવ ગુમાવ્યા. કેરળના અનેક જિલ્લાઓમાં સતત વરસાદ પડી રહ્યો છે. કન્નુર, કાસરગોડમાં રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. અલપ્પુઝાના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં છે. અહીં રસ્તાઓ પર હોડી ચલાવવી પડી હતી. એક હજારથી વધુ લોકોને રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા છે.જમ્મુ-કાશ્મીરમાં ખરાબ હવામાનને કારણે પહેલગામ અને બાલટાલ બંને રૂટ પર અમરનાથ યાત્રાને અટકાવી દેવામાં આવી છે.

## રાહુલ ગાંધીને મોટો આંચકો! માનહાનિ કેસમાં ગુજરાત હાઈકોર્ટે રિવ્યૂ પિટિશન ફગાવી દીધી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મોટો આંચકો લાગ્યો છે. ગુજરાત હાઈકોર્ટે મોદી સરનેમ મામલે સુરત કોર્ટ દ્વારા ફટકારાયેલી સજા મામલે રાહુલ ગાંધી દ્વારા દાખલ કરવામાં આવેલી રિવ્યૂ પિટિશન ફગાવી દેવામાં આવી છે.મોદી સરનેમના નિવેદન પર માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને ગુજરાત હાઈકોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે માનહાનિના કેસમાં સજા પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. આ સાથે જ કોર્ટે રાહુલ ગાંધી દ્વારા સજા પર રોક લગાવવાની માંગ કરતી અરજીને પણ ફગાવી દીધી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મોદી અટક સાથે ટિપ્પણી કરવા બદલ અપરાધિક માનહાનિના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા હતા. તેમને બે વર્ષની સજા સંભળાવવામાં આવી હતી, ત્યારબાદ તેમણે સંસદની સભ્યતા ગુમાવી દીધી હતી જે બાદ રાહુલે ગુજરાત હાઈકોર્ટના



દ્વાર ખટખટાવ્યા હતા.ગુજરાત હાઈકોર્ટનું કહેવું છે કે કોર્ટનો દોષિત ઠેરવવાનો આદેશ યોગ્ય છે, તે આદેશમાં દખલ કરવાની કોઈ જરૂર નથી, તેથી અરજી ફગાવી દેવામાં આવે છે. કોર્ટે વધુમાં કહ્યું કે રાહુલ ગાંધી સામે ઓછામાં ઓછા ૧૦ ફોજદારી કેસ પેન્ડિંગ છે. હાઈકોર્ટના આ નિર્ણય બાદ રાહુલ ગાંધી હવે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી લડી શકશે નહીં અને ન તો તેઓ સંસદ સભ્ય તરીકેના તેમના દરજ્જાના સસ્પેન્શનને રદ કરવાની માંગ કરી શકશે. રાહુલ ગાંધી હાઈકોર્ટના આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી શકે છે. રાહુલની લોકસભાની સદસ્યતા પહેલા જ જતી રહી છે

સુરત કોર્ટે ૨૦૧૯માં મોદી અટક અંગે રાહુલ ગાંધીની ટિપ્પણીના કેસમાં ૨૩ માર્ચે ચુકાદો આપ્યો હતો. કોર્ટે તેને કલમ ૫૦૪ હેઠળ બે વર્ષની જેલની સજા ફટકારી છે. જો કે કોર્ટે નિર્ણયને અમલમાં મૂકવા માટે થોડા દિવસનો સમય પણ આપ્યો હતો. આ સાથે તેમને તાત્કાલિક જામીન પણ આપવામાં આવ્યા હતા. સુરતની કોર્ટે મોદી અટક સંબંધિત ટિપ્પણીને લગતા માનહાનિના કેસમાં તેમની સજા પર સ્ટે આપવાનો ઈનકાર કર્યો હતો. જે બાદ રાહુલે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.રાહુલ ગાંધીને સુરત કોર્ટે બે વર્ષની સજા ફટકારતા લોકસભા સચિવાલય દ્વારા જનપ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ રાહુલનું સંસદ સભ્યપદ રદ કરવામાં આવ્યું હતું. રાહુલ કેરળના વાયનાડથી સાંસદ હતા. લોકપ્રતિનિધિત્વ અધિનિયમમાં જોગવાઈ છે કે જો કોઈ સાંસદ અને ધારાસભ્યને કોઈ કેસમાં ૨ વર્ષ કે તેથી વધુની સજા થાય તો તેમનું સભ્યપદ રદ કરવામાં આવે છે. આ સાથે જ સજાનો સમયગાળો પૂરો કર્યા બાદ તેઓ છ વર્ષ સુધી ચૂંટણી લડવા માટે પણ અયોગ્ય બની જાય છ

## તૃણમૂલના ૬૧ હજાર અને ભાજપના ૩૮ હજાર ઉમેદવાર, અપક્ષ કોંગ્રેસ કરતાં વધુ

પશ્ચિમ બંગાળમાં ૮મી જુલાઈએ યોજાનારી પંચાયત ચૂંટણી માટે નામાંકન પ્રક્રિયા પણ પૂર્ણ થઈ છે. ટીએમસી ગ્રામપંચાયત, પંચાયત સમિતિ અને જિલ્લા પરિષદની ચૂંટણીઓ માટે દાખલ કરાયેલાં નામાંકનમાં આગળ રહી છે. ૨૨ જિલ્લાઓમાં ૬૩,૨૨૯ ગ્રામ પંચાયત બેઠકો માટે સૌથી વધુ ૬૧,૫૯૧ ટીએમસી ઉમેદવારોએ ઉમેદવારીપત્રો ભર્યા છે, બીજા નંબરે ભાજપ છે જેણે ૬૦% બેઠકો પર ૩૮,૪૭૫ ઉમેદવાર ચૂંટણી મેદાને ઉતાર્યા છે. સીપીઆઈએમએ ૫૬% (૩૫,૪૧૧) બેઠકો પર ઉમેદવારો ઊભા રાખ્યા છે. જોકે ગ્રામપંચાયતના ઉમેદવારોના મામલામાં કોંગ્રેસ અપક્ષ ઉમેદવારો કરતાં પણ પાછળ રહી ગઈ છે. કોંગ્રેસ દ્વારા ૧૧,૭૭૪ ઉમેદવારીપત્રો ભરાયાં છે.બંગાળની કેટલીક સીટો પર કોંગ્રેસ-સીપીએમે એકબીજા સામે ઉમેદવારો ઊભા રાખ્યા નથી. આમ આદમી પાર્ટીએ પણ ટીએમસી સાથે ચૂંટણી ન લડવાના ઈરાદાથી પોતાનો કોઈ ઉમેદવાર ઉતાર્યો નથી. એનપીપીએ પણ પંચાયત ચૂંટણીમાં કોઈ રસ દાખવ્યો નથી.'મેં મારા પતિ સાથે ૧૯૯૩માં પણ એક વખત ચૂંટણી લડી હતી. મારા પતિ ૩૦ વર્ષથી ભાજપના સમર્થક રહ્યા હતા. પશ્ચિમ બડવાન જિલ્લામાં કંકસા પંચાયત સમિતિ હેઠળના અમલઝાદા ગ્રામપંચાયત માટે ભાજપના ઉમેદવાર ઉમા રાની મિશ્રાએ જણાવ્યું હતું. તે પોતાની ઉંમરને લઈને ચર્ચામાં છે. તેમનું કહેવું છે કે, કામ કરવાની કોઈ ઉંમર હોતી નથી.માત્ર ૨૩ વર્ષીય ચુમકી ઘોષને ટીએમસીએ દક્ષિણ દિનાજપુરની ધલપાડા ગ્રામ પંચાયતમાંથી ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. ચુમકી ઘોષ હિલી સરકારી કોલેજમાં આર્ટસ વિભાગની ત્રીજા વર્ષની વિદ્યાર્થિની છે. માત્ર ૨ ફૂટ ઉંચાઈ ધરાવતી ચુમકી ઘોષે કહ્યું હતું કે હું અપંગ છું પરંતુ જનતાની સેવા કરવાનું મારું બાળપણનું સપનું હતું. ટીએમસીએ મારા પર વિશ્વાસ કર્યો છે, હું પાર્ટીની આભારી છું.

## ભારતીય વાણિજ્ય દૂતાવાસ પર થયેલા હુમલા બાદ અમેરિકન સાંસદો ખાલિસ્તાનીઓ પર ભડકયા



અમેરિકન કોંગ્રેસના સભ્યોએ આ હુમલાની નિંદા કરી છે અને તેમાં સામેલ ખાલિસ્તાનીઓ સામે આકરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ સરકાર સમક્ષ કરી છે.અ?મેરિકામાં ભારતીય મૂળના સાંસદ રો ખન્ના તેમજ માઈકલ વોલ્ટઝે કહ્યુ છે કે, ડિપ્લોમેટિક કચેરીઓ પરના હુમલા સાંખી લેવાય તેમ નથી. ભારતીય વાણિજ્ય દૂતાવાસમાં થયેલી આગચંપી અને ભારતીય ડિપ્લોમેટ્સને ધમકી આપતા પોસ્ટરોને વાયરલ કરવાના કૃત્યની નિંદા કરીએ છે.

સાંસદોએ કહ્યુ હતુ કે, અમેરિકામાં અભિવ્યક્તિની આઝાદી છે પણ તેના કારણે હિંસા કરવાનુ અને કોઈની સંપત્તિને નુકસાન પહોંચાડવાનુ લાઈસન્સ નથી મળી જતુ. અમે અમેરિકાના વિદેશ મંત્રાલયને અનુરોધ કરીએ છે કે, દૂતાવાવસ પર થયેલા હુમલાની તપાસમાં કાયદા વિભાગને સામેલ કરવામાં આવે અને તેમાં સામેલ લોકો પર કાર્યવાહી કરવામાં આવે.

## ટ્રક ડ્રાઈવરોનું બલ્લે-બલ્લેઃહવે ટ્રક ડ્રાઈવરો માટે A C કેબિન ફરજીયાત, નીતિન ગડકરીએ પ્રસ્તાવ પર લગાવી મહોર

લાંબા અંતરની ટ્રકોની કેબિનની અંદર એર કન્ડીશર્નીંગની સર્વિસ હવે ફરજિયાત કરવામાં આવી છે. આ અંગેના ડ્રાફ્ટ નોટિફિકેશનને કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીએ મંજૂરી આપી દીધી છે. ગડકરીએ તેમના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર લખ્યું, "દ્ગ૨ અને દ્ગ૩ કોટોગરીની ટ્રકોની કેબિનમાં હવા. એર કન્ડીશર્નીંગ સિસ્ટમની લગાવવી ફરજિયાત બનાવવા માટેના ડ્રાફ્ટ નોટિફિકેશનને મંજૂરી આપવામાં આવી છે.ગડકરીએ જણાવ્યું હતું કે આ નિર્ણયનો ઉદ્દેશ્ય ટ્રક ડ્રાઈવરોને તેમની કાર્યક્ષમતામાં સુધારો કરવા માટે આરામદાયક કામ કરવાની પરિસ્થિતિ અને લાંબી મુસાફરી માટે દરમિયાન ડ્રાઈવરોને લાગતા



થાકને ઘટાડવાનો છે. ગડકરીએ એમ પણ કહ્યું હતું કે માર્ગ સલામતી સુનિશ્ચિત કરવામાં ટ્રક ડ્રાઈવરો મહત્વની ભૂમિકા ભજવે છે. આ નિર્ણય ટ્રક ડ્રાઈવરો માટે આરામદાયક કામ કરવાની સ્થિતિ સર્જવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે, જે તેમની કાર્યક્ષમતામાં સુધારો કરશે અને ડ્રાઈવરની થાકની સમસ્યાને દુરકરશે.ગયા મહિને, ગડકરીએ કહ્યું હતું કે ટ્રક ડ્રાઈવરો પરિવહન ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO-154
વિષય:- જ્ઞાન
શીર્ષક:- જ્ઞાન સાથે વાસ્તવિક જીવનની તાલમેલ
શબ્દો:- ૨૩૧
નામ:- બીના એન પીઠડીયા, વૈદેહી

હાલનાં સમય પ્રમાણે યુવાનમાં ફક્ત ચોપડીયું જ્ઞાન જ છે. બહારની કોઈ વાતની ખબર જ પડતી નથી. કોઈ સાથે શું વાત કરવી? કોઈ પણ વસ્તુની ખરીદી કેવી રીતે કરવી, ભાવતાલ શું હોય? કાંઈ કરતાં કાંઈ ખબર પડતી નથી. પહેલાં યુવાઓ ભણવા સાથે ઘર અને બહારનું બધું જ જ્ઞાન ધરાવતાં હતાં. હવે તો ટીવી, મોબાઈલ અને કોમ્પ્યુટરે ડાટ વાળ્યો છે. બાળકો પુસ્તકો વાંચે તો લેખનકાર્યમાં પોરવાશે. જ્ઞાનથી, વિદ્યાથી અપાર શક્તિનો સંચાર થશે.

જ્ઞાન તો ગંગાની જેમ છે. ગમે એટલું લો ઓછું જ છે. ભગતસિંહ એનાં અંતિમ ક્ષણ સુધી પુસ્તકો વાંચતા હતાં. અટલબિહારી વાજપાઈજીને સત્તર ભાષા આવડતી હતી. અખૂટ જ્ઞાનનો ભંડાર હતો અટલજી પાસે. છેલ્લાં શ્વાસ સુધી પુસ્તક પ્રેમ રહ્યો. વાંચનના શોખથી તમે ઊંચા સફળતાનાં શિખરો આંબી શકો છો. જે હવેની પેઢીમાં નહિંવત જોવા મળે છે. ફક્ત મોબાઈલ સિવાય યુવાધનની કોઈ જ દુનિયા નથી.

"પઢેગા ઈન્ડિયા તો બઢેગા ઈન્ડિયા" એ કહેવત ક્યારેક ખોટી ઠરે છે. ડિગ્રીધારી માણસો નોકરી ધંધા વગર બેસી રહે છે. અને ક્યારેક ઓછું ભણેલા ખૂબ જ મોટા બિઝનેસમેન બને છે. એટલે ભણવું ના જોઈએ એવો અર્થ નથી થતો. ભણવા સાથે ઈતર પ્રવૃત્તિ કરવી જોઈએ. સભ્યતા, પોતાની સંસ્કૃતિ, સંસ્કાર શીખવા ખૂબ જ જરૂરી છે. ઘરમાં મોટા વડીલની ડાંટ ફટકારથી કુમળી વયના છોકરાઓ ન ભરવાના પગલાં ભરે છે. કારણ કે છોકરાઓને નાનપણથી વધારે પડતાં લાડકોડથી ઉછરેલા હોય છે. એટલે થોડ ગુસ્સો પણ સહન કરી શકતા નથી. ભણવા સાથે સહાનુભૂતિ અને સહનશક્તિ કેળવતા શીખવાડો. જીવનનાં અંતિમ શ્વાસ સુધી શીખવાની ધગશ એ જ વાસ્તવિક સુંદરતા છે.

બીના એન પીઠડીયા, વૈદેહી
અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO 149

વિષય જ્ઞાન
પ્રકાર લેખ
શીર્ષક જ્ઞાન કોને કહેવાય
શબ્દ ૨૫૦
નામ પલ્લવી જોષી. સરિતા

જ્ઞાન કોને કહેવાય

જ્ઞાન કોને કહેવાય ? તો કોઈની પાસેથી તમને જે સલાહ - સૂચન, સમજ,શીખ,કંઈક નવું જાણવા મળે એને જ્ઞાન કહેવાય છે.

આપણે ધણીવાર કહીએ છીએ ને કે એમને મને જીવનમાં બધું સારું શીખવ્યું,સારો બોધ પાઠ આપ્યો,નહીં તો મને સાચો પંથ ના મળતો, મારા એ હિતેચ્છુ છે,મારા ગુરુ છે,એમના વડે જ આજે હું પદને પામ્યો છું.

પહેલાનાં સમયમાં ઋષિઓ આશ્રમમાં રહેતા હતાં ને શિષ્યોને જ્ઞાનરૂપી અમૃતનું પાન કરાવતાં હતાં.
અત્યારે શાળાઓમાં શિક્ષક જ્ઞાનરૂપી ગંગા વહાવે છે.ને વિદ્યાર્થીને જ્ઞાનનો બોધ પાઠ આપે છે.

શિક્ષક માતાપિતા પછીના આપણાં પ્રથમ ગરુ છે. "ગુરુ બિન જ્ઞાન ન હોવે " ગુરુ આપણને જ્ઞાનરૂપી સાચી દિશા બતાવે છે.

જુદા જુદા પુસ્તકોનો અભ્યાસ કરવાથી પણ જ્ઞાન મળે છે,ને જ્ઞાન વધે પણ છે.પુસ્તક પણ આપણો ગુરુ છે,જીવનનાં ખાલીપણાનો સાચો સાથી છે.

જ્ઞાન તો જનમોજનમનું ભાથું છે. જ્ઞાન મેળવવા એક નિશ્ચિત ધ્યેય હોવો જોઈએ. જ્ઞાન તમને ગરુ,
સંતો,વિદ્વાનો,પંડિતો,માતાપિતા,ભાઈબહેન,દાદાદાદી,મિત્રો બધાં પાસેથી મળે છે.

જે તમને બોધપાઠ આપે,સાચુ જ્ઞાન આપે એ બધાં જ ગુરુ અથાગ સાગર સમા જ્ઞાનનું ભંડાર છે.આવા જ્ઞાનનું ભંડારસમા સાગરમાં ડૂબકી મારશો તો અવશ્ય સાચા અર્થમાં જ્ઞાનને પામશે.

શ્રીકૃષ્ણ એ ભગવદ્દગીતામાં જે જ્ઞાનનો બોધપાઠ આપ્યો હતો.એ રીતે આપણને પણ શ્રીકૃષ્ણ જેવા ગુરુ મળે તો આત્મજ્ઞાન થાય.ખરા અર્થમાં પૂર્ણતાની અનુભૂતિ થાય,પૂર્ણતાનું જ્ઞાન થાય.

છેલ્લે એટલું જ કહીશ કે જ્ઞાન કોઈ ચર્ચાનો વિષય નથી જ્ઞાન તો એક આપણા જીવનની અનુભૂતિ છે,એક દિલથી થનારો અહેસાસ છે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS N0.0059.
વિષય; શબ્દ:★જ્ઞાન★
પ્રકાર: ગદ્ય- લેખ.
શીર્ષક:★ માનવ જીવન સાર્થક ?
જો ખૂલે, જ્ઞાન ખજાનો !
શબ્દો:૩૩૬.
લેખકનું નામ : જયકાન્ત ઘેલાણી
"પ્યારે".

★જ્ઞાન★ શબ્દ સાંભળતાજ તમારી સમજણ મુજબ, જે,તમે જાણોછો તે, શાસ્ત્રીય જ્ઞાન કે વિદ્વાનો ના જ્ઞાન ની વાતો તમારી દ્રષ્ટિમા દેખાયછે ને ?

જ્ઞાન અને માહિતી મા ઘણોજ ફરકછે. સામાન્ય રીતે માનવ જીવન, અનભવોને આધારિત નિયમોને અનૂસાર ચાલતુ આવ્યુછે.
માહિતી લગભગ મફતમા મળી રહેછે, જ્યારે જ્ઞાન મેળવવા માટે પ્રચંડ પૂન્યોદય સાથે પ્રચંડ પુરૂષાર્થ ની જરૂરિયાત રહેછે, જે ભાગ્યોદયે મળેછે.

અહીં જ્ઞાન શબ્દ નો અર્થ ઘણોજ ગંભીરછે , જ્ઞાન એટલે મહા પૂન્યોદયે મળેલા માનવજીવન ને, સાર્થક કરવાની વાતછે. અને તે પૂર્વ ભવોના સંસ્કાર આધારિતછે.જેની પાસે આ આત્મીક જ્ઞાનની ચાવી હાથવગી થઈ ,તેનું માનવજીવન સાર્થક થયુંજ સમજો !

જ્ઞાન એટલે વ સાચી સમજણ/જ્ઞાન જે ચોરથી ચોરી શકાતુ નથી અન્યને આપવાથી ઘટતુ નથી પણ વધેછે, માટેજ તેને જ્ઞાન કહેવામા આવેછે.

જ્ઞાન પંચમી ના પવિત્ર દિવસે, ઉપવાસ તેમજ જ્ઞાનપૂજાનુ મહત્વ જૈનો માં વિશેષ જોવાં મળેછે.
"જ્યોત સે જ્યોત,જગાતે ચલો.
પ્યારે'જ્ઞાનકી ગંગા ,બહાતે ચલો".
આજના વિશ્રૃવમાં અવાર નવાર અકલ્પનિય ,આપણે ન માની શકીએ તેવી ઘટનાઓ અવાર નવાર બનતી આપણે જોતા હોઈએ છીએ કેમ ખરુને ?

આવી ઘટનાઓ એટલે, ફકત બેજ અક્ષરનો શબ્દ ★જ્ઞાન★ જેમા વ્યવહારિક સમજણ સાથે, અતી ગંભીરતા ભર્યા આધ્યાત્મિક જ્ઞાન ને પણ વિશેષ ઉજાગર કરેછે,
આછે ફકત બે અક્ષરમા સમાયેલી અદ્ભૂત અદમ્ય શક્તિ !
જ્ઞાન અને વિજ્ઞાન . આછે જ્ઞાન અને વિજ્ઞાન વચ્ચેનો અકલ્પનિય તફાવત જ્ઞાન આપણને માત્ર ને માત્ર સારું અને અન્યનું ભલૂ જ કરવાનુ શીખવે છે. માનવીના મૃત્યુ બાદ તેની તમામ ભૌતિક સમૃધ્ધી અહીં જ મૂકી જવી પડેછે,અરે પ્યારે', જેને પોતાનું માનેછે તે શરીર પણ સાથ આપતુ નથી, જયારે તેના આત્મા સાથે, તેના સારા નરસાં કર્મોની સાથે, ફકતને ફકત જ્ઞાન જાયછે, અને તેથીજ કહેવાયછે કે જે તે વ્યકિત પૂર્વભવનુ જ્ઞાન લઈને જનમ્યાછે !

અનેક ઉદાહરણો, જૈન ધર્મ સાથે અન્ય ધર્મોના બાળ યોગીઓ ને જોતા- તેઓની વાતો સાંભળતા આપણે અનુભવીએ છીએ. પરમ કૃપાળુ ગૂરૂદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ને ફકત સાત વર્ષની ઉમરે સાતસો પૂર્વ ભવનુ જ્ઞાન હતું, આ છે જ્ઞાનનો સત્ય અપૂર્વ મહિમા !

મહાત્મા ગાંધીજી, જેને ગુરુપદે ગણતા તે, સનાતન જૈનધર્મના યુગપુરૂષ શ્રીમદ રાજચંદ્રજી એ ફકત સોળ વર્ષ ની ઉમરે ★મોક્ષમાળા★ લખી હતી,
તો ફકત અઠયાવીસ વર્ષની ઉમરે.!
★શ્રી આત્મસિધ્ધી શાસ્ત્ર★
ની એકસો બેંતાલીસ ગાથા, ફકત ત્રણ કલાકમા લખી જૈનધર્મના એક અમૂલ્ય ગ્રન્થની રચના કરી છે. આ ગ્રન્થમા માનવ જીવન મા આત્મા નુ શૂ મહત્વ તે વિષેની છણાવટ સવાલ- જવાબ રૂપે, તદન સ્પષ્ટ અને સરળ ભાષામા કાવ્ય સ્વરૂપે સમજાવવામાં આવીછે.

પ્યારે', માનવ જીવનમા,
જ્ઞાનદાન ને સર્વશ્રેષ્ઠ દાન ગણવામાં આવેછે, જે તદન સત્ય હક્કિકતછે.

પ્યારે",આપણે આપણાં સ્વજનોને ભૌતિક વારસા કરતા સાચા જ્ઞાનનો વારસો આપીશું તો તે વધુ ઉચીત ને વ્યવહારુ રહેશે.
★જ્ઞાનદાન મહાદાન★

શ્ર?જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO 140
વિષય: જ્ઞાન
શીર્ષક: જ્ઞાન એક અગાધ સાગર
શબ્દો:૨૪૯
લેખક : હેમા પિનાકીન ત્રિવેદી

આપણા સોળ સંસ્કારો મહત્વપૂર્ણ છે..
ગર્ભાધાન સંસ્કાર એ તેજસ્વી સંતાનપ્રાપ્તિ માટેનું સોપાન છે..તે માતાના આભાર - નિહારીકા રવિયા ગર્ભમાં પણ જ્ઞાન પ્રાપ્ત કરે છે . એનું ઉત્તમ ઉદાહરણ અભિમન્યુ છે.
ઉપવિત સંસ્કાર ગુરુ પાસે જ્ઞાન મેળવવા માટેની આજ્ઞા છે. બાળકનો માતા પછીનો બીજો જ્ઞાન સ્રોત ગુરુ છે. જ્યાં વિદ્યા મેળવી દ્વિજ બનેછે એટલે બીજો જન્મ પામે છે.

અક્ષરજ્ઞાન અગત્યની ચાવી છે. ગ્રંથોમાં સચવાયેલી આપણી સંસ્કૃતિની જાણકારી પ્રાપ્ત કરી શકીએ છીએ..

ગીતા એ સ્મૃતિ ગ્રંથ છે.. કૃષ્ણએ અર્જુનને મહાભારત યુદ્ધ વખતે આપેલું કર્તવ્ય જ્ઞાન છે...વેદ વ્યાસે મહાભારત ગ્રંથ લખ્યો. ભગવદ્ ગીતા (ઈ.સ.પૂર્વે ૩૦૬૬) માં અઢાર અધ્યાય અને ૭૦૦ શ્લોક છે..અક્ષર જ્ઞાન વિના આ લખવું અને વાંચવું શક્ય જ નથી.

અક્ષરજ્ઞાન એ શૈક્ષણિક અનેક ઉપાધિઓ મેળવવા માટેનો માર્ગ છે..પણ માત્ર પુસ્તકિયું જ્ઞાન કામ નથી લાગતું. સાથે સમજણ, શાણપણ અને ચાતુર્ય પણ જરૂરી છે
UPSC (civil services examination) માં ભણતર સાથે ચાતુર્ય જરુરી છે..
કેટલીકવાર ભણતર કરતાં ગણતર એટલે કે વ્યવહારુ કોઠાસૂઝ કામ કરે.આપણે ગમ્મત સાથે જ્ઞાનના ઘણા કોયડા ઉકેલતાં.
દા:ત:
એક કૉર્પોરેટ સંસ્થાએ પાર્કિંગની જગ્યાઓ ઓછી રાખી વહેલા તે પહેલાના નિયમાનુસાર કર્મચારીઓને વેળાસર આવવાની ટેવ પાડેલી.

નાના અમથા ડહેલામાંથી એક ફોર વ્હીલર પસાર નહોતું થઈ શકતું.. પસાર થતા એક અભણ કારીગરે ચારે ય વ્હીલમાંથી થોડી થોડી હવા કાઢી નાખી.. ઉંચાઈ ઓછી થતાં ગાડી પસાર થઈ ગઈ..

અંબાલાલ પટેલની વરસાદ અંગેની સચોટ આગાહી પ્રકૃતિને પારખવાની કોઠાસૂઝછે.

એકમાં એક ઉમેરો તો બે થાય પણ બેમાંથી એક જાય તો કશું ના રહે એ ગર્ભિત ઉક્તિને જવાબ ગણિત પાસે ના હોય..

ટૂંકમાં જ્ઞાનને કોઈ સીમા નથી એતો અગાધ સાગર છે એમાં ડુબકી મારો એટલાં મોતી લાધે.

# એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: સોનાના વાયદામાં રૂ.૧૩૬નો સુધારો, ચાંદીનો વાયદો રૂ.૯ ઢીલો

## ડેઈલી માર્કેટ રિપોર્ટ
નૈમિષ ત્રિવેદી

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૭,૪૫૨ સોદાઓમાં કુલ રૂ.૨૨,૦૭૭.૮૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૪,૯૮૬.૯૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૭૦૮૨.૨૬ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૩૭,૪૬૨ સોદાઓમાં રૂ.૨,૮૦૨.૧૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૩૭૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૮,૫૬૯ અને નીચામાં રૂ.૫૮,૩૩૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૬ વધી રૂ.૫૮,૫૩૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૦ વધી રૂ.૪૭,૪૩૯ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૦ વધી રૂ.૫,૮૫૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૭ વધી રૂ.૫૮,૫૧૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૦,૨૮૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૦,૪૪૬ અને નીચામાં રૂ.૭૦,૦૯૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯ ઘટી રૂ.૭૦,૩૧૫ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧ વધી રૂ.૭૦,૩૭૭ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૫ ઘટી રૂ.૭૦,૩૯૮ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૭,૨૭૮ સોદાઓમાં રૂ.,૮૯૩.૪૧ કરોડના વેપાર થયા હતા. તાંબુ જુલાઈ વાયદો રૂ.૭૧૬ના ભાવે ખૂલી, રૂ.૨.૫૦ વધી રૂ.૭૧૮.૩૦ જયારે એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ વધી રૂ.૧૯૫.૧૫ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ ઘટી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ ઘટી રૂ.૨૧૫ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૫ વધી રૂ.૧૯૫.૪૫ સીસુ-મિની જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૧.૫૦ જસત-મિની જુલાઈ વાયદો રૂ.૦.૦૫ ઘટી રૂ.૨૧૪.૮૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૧,૨૮૦ સોદાઓમાં રૂ.૧,૨૮૫.૬૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૮૮૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૯૯૦ અને નીચામાં રૂ.૫,૮૬૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮ વધી રૂ.૫,૯૬૯ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૩૦ વધી રૂ.૫,૯૭૧ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૮ના ભાવે ખૂલી, રૂ.૧.૨૦ વધી રૂ.૨૧૮.૯૦ અને નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો ૧ વધી ૨૧૯.૧ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૫.૭૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૮૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૮૦૦ અને નીચામાં રૂ.૫૬,૩૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮૦ ઘટી રૂ.૫૬,૫૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૮૦ ઘટી રૂ.૯૦૧.૨૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૫૫૮.૫૬ કરોડનાં ૨,૬૬૩.૧૬૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૨૪૩.૫૯ કરોડનાં ૧૭૬.૫૫૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૮૦૮.૫૨ કરોડનાં ૧,૩૫૩,૮૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૪૭૭.૧૬ કરોડનાં ૨૧,૭૬૯,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૫૪.૬૮ કરોડનાં ૨,૭૯૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૭.૯૯ કરોડનાં ૨,૦૯૧ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૦૧.૨૭ કરોડનાં ૮,૩૭૮ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૧૯૯.૪૭ કરોડનાં ૯,૨૮૬ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૪૪ કરોડનાં ૪૩૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૩.૨૮ કરોડનાં ૩૬.૩૬ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૧૫૬.૭૪૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૫૯.૪૪૧ ટન, તાંબાના વાયદાઓમાં ૧૫,૦૮૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૬,૨૮૦ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૮૧૦ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૪,૮૭૯ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૨૨૯,૭૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૪૨,૭૭૭,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૭,૫૬૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૧૮.૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૮.૬૪ કરોડનાં ૧૧૦ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૭૫૦ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૫,૬૮૭ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૭૩૯ અને નીચામાં ૧૫,૬૮૫ બોલાઈ, ૫૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૯ પોઈન્ટ વધી ૧૫,૭૩૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૭૦૮૨.૨૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪૪૬.૧૧ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૫૮.૪૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૪૨૭૧.૦૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૧૦૩.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૧૮.૮૨ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૧૨.૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૩૬.૫૦ અને નીચામાં રૂ.૧૧૨.૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨.૪૦ વધી રૂ.૧૨૬.૯૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૯૫ અને નીચામાં રૂ.૧૧.૪૦ રહી, અંતે રૂ.૦.૭૫ વધી રૂ.૧૨.૨૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૪૯ અને નીચામાં રૂ.૨૭૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૭.૫૦ વધી રૂ.૩૩૮.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૪૨ અને નીચામાં રૂ.૨૭૩ રહી, અંતે રૂ.૩૯ વધી રૂ.૩૩૫ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૯૭ના ભાવે ખૂલી, રૂ.૩૮.૫૦ વધી રૂ.૧,૩૫૨.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન

આભાર - નિહારીકા રવિયા કોન્ટ્રેક્ટ રૂ.૨,૦૧૬.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૫.૫૦ વધી રૂ.૨,૦૯૧ થયો હતો. તાંબુ જુલાઈ રૂ.૭૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૫૧ વધી રૂ.૯.૨૩ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૫,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૩૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૩૫ અને નીચામાં રૂ.૧૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩.૩૦ ઘટી રૂ.૧૧૯.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જુલાઈ રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૧૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૩.૭૫ અને નીચામાં રૂ.૧૨.૫૦ રહી, અંતે રૂ.૦.૫૦ ઘટી રૂ.૧૩.૨૦ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૫.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૭૦.૫૦ અને નીચામાં રૂ.૩૧૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૫.૫૦ ઘટી રૂ.૩૨૧.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જુલાઈ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૩ ખૂલી, ઊપરમાં રૂ.૩૭૫ અને નીચામાં રૂ.૩૧૧ રહી, અંતે રૂ.૧૯.૫૦ ઘટી રૂ.૩૨૫ થયો હતો.

ચાંદી ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૮૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૧.૫૦ વધી રૂ.૧,૮૨૧.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની ઓગસ્ટ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૯૦ના ભાવે ખૂલી, રૂ.૮.૫૦ વધી રૂ.૧,૭૦૧.૫૦ થયો હતો.

# વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કારકિર્દી બનાવવા માટે અનેક તક રહેલી છે, તે અંગે અનેરું નેશનલ વેબીનારનું આયોજન



બોટનીકલ એડવાન્સ એસોસિયેશન ગુજરાત દ્વારા “વનસ્પતિશાસ્ત્રમાં ભાવિ અવકાશ” વિષય ઉપર નવી શિક્ષણ નિતિના અમલીકરણ સંદર્ભે નેશનલ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારમાં વિષય નિષ્ણાંત મહર્ષિ દયાનંદ સાયન્સ કોલેજ, પોરબંદરનાં વનસ્પતિશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ.ભૂપેદ્રસિંહ એ. જાડેજાએ પ્રવચન આપ્યું હતું. જેમાં વનસ્પતિશાસ્ત્ર વિષયમાં અભ્યાસ કર્યા પછી રાષ્ટ્રીય એ આંતરરાષ્ટ્રીય સ્તરે કારકિર્દી માટેની વિશેષ તકો રહેલી છે. જેમાં શિક્ષણ ઉપરાંત ફોરેસ્ટ્રી, કૃષિ, હવામાન, નેશનલ પાર્ક, પર્યાવરણ સુરક્ષા, પબ્લિક આરોગ્ય સેવા, પર્યાવરણ કન્સલ્ટન્ટ, ઔષધીય વનસ્પતિ, ફોરેન્સિક સેક્ટર, પેશીસંવર્ધન, પરિસ્થિતિવિદ, ફાર્માસિસ્ટ, નર્સરી, ગાર્ડન સુપરવાઈઝર, ગ્રીનહાઉસ મેનેજર, ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસ, પેલીઓ બોટનીસ્ટ, પ્લાન્ટ એક્સપ્લોરર, જીનેટિસીસ્ટ, આણ્વીય બાયોલોજીસ્ટ, ઓઈલ અને પેપર ઉદ્યોગ, રાષ્ટ્રીય અનુસંધાન સંસ્થાઓમાં વનસ્પતિશાસ્ત્રમાં બી.એસસી., એમ.એસસી. કે પીએચ.ડી. કર્યા પછી રોજગારીની વિશાળ તકો ઉપલબ્ધ હોવાનું તથા વિવિધ સ્પર્ધાત્મક પરિક્ષા માટે આ વિષય સહેલો અને પ્રકૃતિની નજીક હોવાનું ડૉ. ભૂપેદ્રસિંહ એ. જાડેજાએ જણાવ્યું હતું.

સમગ્ર ભારતનાં વિવિધ રાજ્યો અને ગુજરાતની વિવિધ કોલેજના ૧૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓ આ વેબીનારમાં જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાનાં પ્રમુખ ડૉ.એન.કે. પટેલ (પાટણ) નાં માર્ગદર્શન હેઠળ ડૉ.કલ્પેશ અંજારિયા (પેટલાદ) એ કર્યું હતું. વેબીનારનાં સ્પીકરનો પરિચય ડૉ.અલ્પના શુક્લા (અમદાવાદ) એ આપ્યો હતો. વ્યાખ્યાન બાદ વિદ્યાર્થીઓને અને અધ્યાપકોને મૂંઝવતા પ્રશ્નોનું ડૉ.ભૂપેદ્રસિંહ એ. જાડેજાએ સરળ શૈલીમાં નિરાકરણ કર્યું હતું. વેબીનારના અંતે આભાર વિધિ ડૉ.રીના પી. દવે (વિરાણી સાયન્સ કોલેજ, રાજકોટ) એ કરી હતી. આ વેબીનારમાં ૧૫૦૦ થી વધુ લોકોએ ભાગ લઇ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# કેલિફોર્નિયા સ્ટેટ એસેમ્બલીમાં જૈન આચાર્ય લોકેશજીનું સન્માન કરવામાં આવશે



કેલિફોર્નિયા સ્ટેટ એસેમ્બલીએ શાંતિ સદભાવના યાત્રાના ભાગરૂપે અમેરિકા આવેલા આદરણીય જૈન આચાર્ય લોકેશજીને ૧૦ જુલાઈના રોજ ગૃહમાં આમંત્રણ આપ્યું છે. જ્યાં આચાર્ય લોકેશજીનું કેલિફોર્નિયા સ્ટેટ એસેમ્બલી વતી સન્માન કરવામાં આવશે. ભારત અને આધ્યાત્મિક જગત માટે તે એક ઐતિહાસિક ક્ષણ હશે, જ્યારે વિશ્વના સૌથી શક્તિશાળી દેશની રાજ્ય સભાએ કાર્યવાહી દરમિયાન વિશ્વમાં અહિંસા, શાંતિ, સદભાવના અને માનવતાવાદી કાર્ય માટેના તેમના પ્રયાસોનો ઉલ્લેખ કરીને એક ભારતીય સાધુનું સન્માન કરવામાં આવશે.

# આર. સી. મિશન શાળા વડતાલમાં પ્રવોત્સવ કાર્યક્રમ યોજાયો



વડતાલ ગામ, તાલુકો નડિયાદ જિલ્લો ખેડા તારીખ ૭ જુલાઈ ૨૦૨૩ શુક્રવાર ના રોજ સવારે ૮:૦૦કલાકે શાળાની અંદર પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો. પ્રાર્થના બાદ ક્રમશઃ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો નવા પ્રવેશ પામેલા બાળકોનું ચાંદલા અને પુષ્પ દ્વારા આવકાર મહેમાનો નો પરિચય ડૉ શૈલેષ વાણીયા શૈલ દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છ થી સ્વાગત સાથી શિક્ષકમિત્રો દ્વારા ઉપસ્થિત મહાનુભાવો માં ભૂતપૂર્વ વિદ્યાર્થીશ્રી હરી ભરવાડ મુખ્ય મહેમાન તરીકે , પૂ. ફાધર પરેલ , સિસ્ટર નિલમ શાળા મેનેજર શ્રી રેવ.ફાધર રૂમાલ્દો શાળા નાઆચાર્યશ્રી અનિકેતન ડાભી ઉપસ્થિત રહ્યા હતા. શાળા ના મેનેજરશ્રી રેવ. ફાધર રૂમાલ્દો જણાવે છે. ખૂબ ભણો આગળ વધો સમાજ માબાપ તથા દેશનું નામ રોશન કરો એજ મારા આશીર્વાદ બાળગીત તૈયાર કરનાર શ્રીમતી શીલાબેન તથા ડૉ. શૈલેષ સાહેબનું સન્માન કરવામાં આવ્યું. અંતમાં મુખ્ય અતિથિ દ્વારા આપવામાં આવેલી ભેટ સોગાત અર્પણ કરવામાં આવી. સહયોગ શ્રીમતી શીલાબેન શાળાના મેનેજર શ્રી રેવ. ફાધર રૂમાલ્દો, સિસ્ટર તથા મહેમાનો,શિક્ષક મિત્રો દ્વારા ભેટ અર્પણ કરવામાં આવી. સમગ્ર કાર્યકમનું સફળ સંચાલન શાળાના શિક્ષક ડોક્ટર શૈલેષ વાણીયા શૈલ તથા વિકાસ સર દ્વારા કરવામાં આવ્યું. અંતમાં આભાર વિધિ આચાર્ય શ્રી દ્વારા કરવામાં આવી ૮.૦૦વાગ્યે શરૂ કરવામાં આવેલો કાર્યક્રમ ૯:૩૦ પૂર્ણ જાહેર કરાવવામાં આવ્યો. રાષ્ટ્રગાન સાથે છુટા પડ્યા. બાળકોના મુખાકૃતિ ઉપર અનેરો આનંદ જોવા મળ્યો.

# અમેરીકાના કેલિફોર્નિયા સ્થિત નોર્વોક સીટી ખાતે અનુપમ મીશન, લોસ એન્જલસ મંદિર સ્થાપના સમારોહ ભવ્યાતીત રીતે સંપન્ન થયો



અનુંપમ મીશન મોગરી-આણંદ ગુજરાત સ્થિત ગુરૂવર્ય શ્રી જશભાઈ સાહેબના જીવનના પચાસ વર્ષના સ્થાપના આધ્યાત્મિક યાત્રાની સ્મૃતિ સ્વરૂપે લોસ એંજલસના નોર્વોક શહેરમાં ચાર દિવસનો વિવિધતા સભર ધર્મિક કાર્યક્રમ યોજાયો હતો..મુખ્યત્વે અહી સ્થપાયેલ મંદિરના સ્થાપના મહોત્સવને વિવિધ પ્રસંગોની ઉજવણી દ્વારા ખૂબજ શાનદાર , આકર્ષક અને શીસ્તબધ અને સમયસર સૌજન્યતા પૂર્વક ઉજવાયો...આ મહોત્સવમાં દેશ વિદેશના સંતો, આચાર્યો, ભક્તોની ઉપસ્થિતિ ધ્યાનાકર્ષક હતી..પ્રદર્શન ઉદઘાટન, પ્રારંભીક સેરીમની, યજ્ઞ પૂજન મહોત્સવ, શોભાયાત્રા,ભજન સંધ્યા, મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ,તેમજ ગુરુપૂર્ણિમા મહોત્સવ, રાત્રે સાંસ્કુતિક કાર્યકમો, શ્રી ગુરૂવરોની આધ્યામિક યાત્રાની સુવર્ણ જયંતિ સમાપન સમારોહ ભવ્ય અને સુંદર રીતે બાંધેલ શમિયાણામાં આધુનિક ટેકનોલોજી ના ઉપયોગથી સજાવાયેલ, જે ભાવિક ભક્તોને સતત આકર્ષિત કરી રહેલ... ખાસ આ પ્રસંગે શ્રી બી.યુ.પટેલ, ( લોસ એન્જલસ) તથા ડૉ.કીરણ પટેલ ( ફ્લોરીડા) ની ઉપસ્થિતિ ધ્યાનાકર્ષક હતી....ગુરૂવરશ્રી જશભાઈ સાહેબે તેમના ઉદ્બોધનમાં આ સ્થપાયેલ મંદિરમાં સૌ માટે પ્રાથના કરી કે સૌની મનોકામના પૂર્ણ થાય એવા આર્શિવચન પાઠવી સૌ તને,મને,ધને સુખીયા બની રહે તેવી પ્રાથના શ્રી સહજાનંદ સ્વામીને વંદીને સૌનો આભાર વ્યક્ત કર્યો...તથા આ પ્રસંગના કવરેજ માટે આવેલ પત્રકારો સર્વશ્રી સી.બી.પટેલ, હર્ષદરાય શાહ, અને કાન્તિભાઈ મિસ્ત્રી સાથે માનનિય શ્રી જશભાઈ સાહેબશ્રી એ શુભેચ્છા મુલાકાત કરી ધન્યવાદ પાઠયા હતા.

( માહિતી :- હર્ષદરાય શાહ અને તસ્વિર ;- કાન્તિભાઈ મિસ્ત્રી, અમેરીકા )

# ગુજરાત ડેરી લખેલા મહારાષ્ટ્રના ટેંકરમાં દૂધના બદલે દારૂ ભર્યો, વલસાડ પોલીસે પકડ્યો

વલસાડ,તા.૭

પોલીસે દારૂની હેરાફેરી કરતા બુટલેગરોની એક અજીબ તરકીબ ઝડપી પાડી છે. આ વખતે બુટલેગરો બીજા કોઈ અન્ય વાહનમાં નહીં પરંતુ દૂધના ટેંકરરમાં જ દારૂની હેરાફેરી કરતા હોવાનો પોલીસે પરદાફાશ કર્યો છે. વલસાડ ગ્રામ્ય પોલીસે દૂધના ટેંકરરમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. જોકે કન્ટેનર ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. જેને ઝડપી પાડવા માટે પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાવવી વિગત મુજબ રાજ્યના પડોશમાં આવેલા સંઘપ્રદેશ દમણ દાદરા નગર હવેલી અને મહારાષ્ટ્રમાં દારૂની છૂટ છે. આથી આ પ્રદેશોમાંથી ગુજરાતમાં ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરવામાં આવતી હોવાનું અગાઉ પણ અનેક વખત બહાર આવ્યું છે. જોકે બોર્ડર પર પોલીસનો પહેરો વધારે ચોક્કસ હોવાથી બુટલેગરો વિદેશી દારૂની હેરાફેરી માટે અજીબ તરકીબો અજમાવે છે. વલસાડ રૂરલ પોલીસને મળેલી બાતમીના આધારે રૂરલ પોલીસે અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર વલસાડ સુગર ફેક્ટરી નજીક વોચ ગોઠવી હતી.

આ દરમિયાન જ મહારાષ્ટ્ર પાર્સિંગનું ગુજરાત ડેરી લખેલું એક દૂધનું ટેંકરર હાઈવે પરથી પસાર થતાં પોલીસે તેનો પીછો કર્યો હતો .જોકે પોલીસને જોઈ ટેંકર ચાલકે પૂર ઝડપે ટેંકરર ભગાવ્યું હતું. પરંતુ પૂરી તૈયારી સાથે પહોંચેલી પોલીસે પીછો કરતા આખરે ટેંકર ચાલક સુગર ફેક્ટરી નજીક જ ટેંકર મૂકી અને ફરાર થઈ ગયો હતો. ટેંકર કબજે લઈ તપાસ કરતા પોલીસ પણ ચોકી ગઈ હતી. કારણ કે ગુજરાત ડેરી લખેલા મહારાષ્ટ્ર પાર્સિંગના આ દૂધના ટેંકરમાં દૂધ નહીં પરંતુ વિદેશી દારૂનો જથ્થો હોવાનો બહાર આવ્યું હતુ.

# વિશ્વયોગ દિવસ નિમિત્તે કેલિફોર્નિયા,નોર્વોક સીટીમાં વયસ્ક નાગરિકોના હેલ્થકેર સેન્ટરમાં વિશ્વ યોગદિવસ આનંદ ઉત્સાહ પૂર્વ ઉજવાયો



વિશ્વયોગ દિવસ નિમિત્તે કેલિફોર્નિયા , નોર્વોક સીટીમાં આવેલ વયસ્ક નાગરિકોના હેલ્થકેર સેન્ટરના ઉપક્રમે વિશ્વ યોગદિવસ નિમિત્તે સૌ ભારતીયજનો એ સવારે ૧૦:૩૦ કલાકથી મધ્યાન્હ ૧૨:૦૦ સુધી આ યોગ દિવસ ખૂબજ આનંદ પુર્વક મનાવ્યો હતો. અહી સૌ લગભગ સીત્તેર વર્ષની ઉંમર વટાવી ચુકેલા નાગરીકો સોમવાર થી શનિવાર સુધી નિયમીત ભેગા થાય છે. વિશ્વ યોગદિવસે સૌની ઉંમર અને આરોગ્યને લક્ષમાં લઈને સૌ ખાસ ઝ ૐછૈંઇ યોગને અનુંરૂપ યોગકાર્યક્રમ માં સહભાગી બન્યા હતા. આ યોગકાર્યક્રમની શરુઆતમાં દુષ્યંતભાઈ આશીયર ,જેઓશ્રી LIFE MISSION ના નેજા હેઠળ સંચાલિત વિશ્વની એક્માત્ર યોગાયુનિવર્સિટી , જે ભારતમાં અમદાવાદ સ્થપાયેલી છે , જેની સાથે તેઓશ્રી જોડાયેલા છે , તેમણે યોગ અંગે પૂર્વ-પ્રાસંગિક સમજ આપતાં ભારતીય સનાતન સંસ્કૃતિના અમુલ્ય અંગ પ્રાચિન ભારતીય યોગ વિષયક સૌને વિસ્તૃત સમજ આપી હતી. આ બહુવીષ યોગ યુનિવર્સિટી , પ્રેરણાશ્રોત સ્થાપક યોગાચાર્યશ્રી કૃપાલ્વાનંદ , સ્વામીશ્રી રાજર્ષિમુનિજીના માર્ગદશન થી સંભવીત બની હતી. જેનુ ઉદ્દઘાટન ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ ( તે સમયે તેઓશ્રી ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ) સંપન્ન કર્યું હતું . તેઓશ્રીએ જ સંયુક્ત રાષ્ટ?ર્સંઘમાં વિશ્વયોગદિવસની ઉજવણી અંગે ભારતવતી પ્રથમ પ્રસ્તાવના મૂકી હતી-જે વિશ્વના ઘણાબધા દેશોએ ત્વરીત સ્વીકારી લીધી હતી. કઠિનકાળમાં માનવજીવન ઘણી બધી વિટંબણાઓથી ત્રસ્ત થઈ રહ્યું છે , ત્યારે શરીરિક અને માનસિક સ્વસ્થતા-સંતુલન સાથે નીરોગી જીવન માટે ભારતીય પ્રાચીનયોગને વિશ્વ પલટ ઉપર અર્વાચીન યુગમાં મુક્યો એજ માનવતાની શ્રેષ્ઠ સેવાઓમાંની એક વિશિષ્ઠ સેવા છે. શ્રી દુષ્યંતભાઈએ કર્મયોગ , જ્ઞાનયોગ, ભક્તિયોગ, પૂર્ણયોગ અને ભારતીય સનાતન સંસ્કુતિની વિષદ સમજ આપી સૌને ભાવવિભોર કરી દીધા હતા . વયસ્ક નાગરીકોના જીવનમાં પ્રથમવાર આવી સુંદર રીતે યોગદિવસની ઉજવણીમાં ભાગીદાર બની ભારતીય સંસ્કુતિની મહાનતા જાણી આનંદ સભર સંતોષની લાગણીઓ અનુભવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતિ પ્રવિણાબેન પટેલ દ્વારા સુયોગ્ય રીતે સમયસર સફળતાપુર્વપુર્ણ કરવામાંઆવ્યુંહતુ.

( માહિતી :- પ્રવિણાબેન પટેલ અને તસ્વિરઃ-કા ન્તિભાઈ મિસ્ત્રી )



**જી - ૨૦ અંતર્ગત અર્બન ૨૦ "મેયરલ સમિટ"નો શુભારંભ માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ જી અને ભારત સરકારના આવાસ તેમજ શહેરી બાબતના રાજયકક્ષાના મંત્રીશ્રી કૌશલ કિશોર જી દ્વારા મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યો. આ સમિટમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ સમિટમાં વૈશ્વિક આર્થિક, આબોહવા, પાણી, સ્થાનિક સંસ્કૃતિ, અર્થતંત્રને પ્રોત્સાહન તેમજ અનેક વિકાસના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ દરમિયાન દેશ - વિદેશના મેયર - ડેપ્યુટી મેયર તેમજ અન્ય પ્રતિનિધિ સહિત મોટી સંખ્યામાં ડેલીગેટ્સ ઉપસ્થિત રહ્યા હતા.**

# સોજીત્રા પાસે રેલ્વે વિભાગ દ્વારા બનાવાયેલા નાળામાં પાણી ભરાઈ જતાં પાંચ ગામનો સંપર્ક તૂટ્યો



રણુંજ થી બેચરાજી સુધી બ્રોડગેજ રેલ્વે લાઈન કામકાજ પૂરજોશમાં ચાલી રહ્યું છે ત્યારે અનેક જગ્યાએ નાળાઓનુ કામ પણ ચાલી રહ્યું છે. તો કેટલીક જગ્યાએ નાળાનું કામ પૂરું થઈ ગયું છે. ત્યારે સોજીત્રા પાસે રેલ્વે વિભાગ દ્વારા બનાવવામાં આવેલું રેલવેનું નાળુ ઊંડાઈ વાળું બનાવતાં અને પ્રથમ વરસાદમાં જ પાણી ભરાઈ જતાં સોજીત્રા, ગંગેટ, સંખારી, જાખાના જેવા પાંચથી છ ગામો ના લોકો અને વાહન ચાલકોને આવન જાવન કરવા માટે બંધ થઈ જતાં શુક્રવારે સવારે સોજીત્રા સહિત પાંચ ગામના લોકોએ રેલ્વે વિભાગ દ્વારા બનાવવામાં આવેલા જે નાળામાં પાણી ભરાઈ ગયું હતું તે જગ્યા ઉપર ઉગ્ર દેખાવ કર્યા હતા. અને નાળાને પહોળું કરીને કે ચોમાસામાં પાણીનું નિકાલ કરવા માટેની વ્યવસ્થા નહી કરવામાં આવે તો પાંચ ગામના લોકો ઉગ્ર આંદોલન કરવા ચિમકી ઉચ્ચારી હતી. સોજીત્રા ગામના લોકોએ રેલ્વે નાળુ ભરાઈ જતાં આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે રેલ્વે વિભાગ દ્વારા બનાવવામાં આવેલું નાળું જમીનથી ખૂબ ઊંડું બનાવવામાં આવ્યું છે જેના કારણે ચોમાસાનું પાણી ભરાઈ રહે છે અને સોજીત્રા સંખારી સહિત પાંચ ગામના લોકોને ચોમાસા દરમિયાન આ નાળામાં વરસાદી પાણી ભરાઈ જતાં અને વાહન વ્યવહાર તેમજ લોકોને આવન જાવન કરવા માટે બંધ થઈ જતાં ક્યાં થઈને જવું તે મોટો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. આ સમસ્યાનો યોગ્ય નિકાલ કરવામાં નહી આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારાઈ હતી.

# ચાણસ્મા તા. પંચાયતના કર્મચારીઓએ આપેલ આવેદન પત્ર અંગે સુખદ્ અંત



ચાણસ્મા તાલુકા પંચાયતમા તાલુકા પંચાયત ના પ્રમુખ દ્વારા હોદ્દાનો દુર ઉપયોગ કરી પ્રમુખ શ્રી ન છાજે તેવું વર્તન કરાતું હોવા અંગેનું આવેદન પત્ર ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ સમગ્ર તાલુકા પંચાયતના સ્ટાફ સાથે પાટણ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ને આપવામાં આવ્યુ હતુ . તેમજ જ્યા સુધી યોગ્ય નિર્ણય નહી આવે ત્યા સુધી ફરજ વિમુક્ત રહેવાની ચીમકી ઉચ્ચારતા આજ રોજ નાયબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ચાણસ્મા તાલુકા પંચાયત ખાતે દોડી આવી મધ્યસ્થી બની સમગ્ર મામલાનો સુખદ અંત આવવા પામ્યો હતો

છેલ્લા કેટલાય સમયથી તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી જીતેન્દ્ર ભાઈ સોલંકી દ્વારા તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ અન્ય સ્ટાફ સાથે ગેરવર્તન કરવામાં આવતું હોવાથી ગત રોજ સમગ્ર ચાણસ્મા તાલુકા પંચાયતના તાલુકા.વિકાસ અધિકારી શ્રી તેમજ તાલુકા પંચાયતના સ્ટાફ દ્વારા આવેદનપત્ર આપી પ્રમુખ શ્રી સામે યોગ્ય પગલા લેવાની માંગ કરવામાં આવી હતી તેમજ જ્યા સુધી યોગ્ય નિર્ણય નહી આવે ત્યા સુધી દરેક કર્મચારી ફરજ વિમુકત રહેશે તેવી ચીમકી ઉચ્ચારતા આજ રોજ નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચાણસ્મા તાલુકા પંચાયત ખાતે દોડી આવી બન્ને પક્ષો ને સાંભળી સમાધાનકારી વલણ અપનાવ્યું હતું

આ બાબતે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.કે મકવાણાએ જણાવ્યું હતું કે ગઈકાલના રોજ ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ તલાટી કમ મંત્રીશ્રી તેમ જ અન્ય સ્ટાફ દ્વારા આવેદન પત્ર આપી ફરજ વિમુક્ત રહેવાનું જણાવ્યું હતું તેથી આજ રોજ હુ રૂબરૂ આવી અધિકારી શ્રી ઓ તેમજ પદાધિકારીઓને સાંભળી સમાધાન કારી વલણ અપનાવતા તમામ અધિકારીઓ ફરજ પર હાજર થઈ કામકાજ શરૂ કરી દેવાયુ છે

તેમજ તાલુકા પંચાયત ના હાજર સદસ્યો એ જણાવ્યુ હતુ કે તાલુકા વિકાસ અધિકારીશ્રી તેમજ સ્ટાફ દ્વારા સારી કામગીરી કરવામાં આવી રહી છે તેમજ તેમનો હવે પછીનો કોઈ પણ પ્રશ્ન હશે તો અમે સાથે મળી યોગ્ય નિર્ણય લાવીશુ

# જામનગરમાં ૪ કલાકમાં ૪ ઈંચથી વધુ વરસાદ, રસ્તા તળાવમાં ફેરવાયા

જામનગર,તા.૭

રાજ્યમાં વરસાદના બીજા રાઉન્ડની શરૂઆત થઇ ચૂકી છે. વરસાદના બીજા રાઉન્ડમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આવામાં પાટણ, મહેસાણા, જૂનાગઢ બાદ હવે જામનગરમાં ધોધમાર વરસાદ પડ્યો છે. જામાનગરમાં ૪ કલાકમાં ૪ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જેના પગેલ શહેરમાં ધોધમાર વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઇ છે. સાથે જ મનપાની પ્રિ મોન્સુન કામગીરીની પોલ ખુલ્લી ગઇ છે. અહીં અનેક વિસ્તારોમાં રસ્તા તળાવમાં ફેરવાયા છે. જૂની જયશ્રી ટોકીઝ પાસેનાં રસ્તે ગોઠણસમા પાણી ભરાયા છે.

હવામાન વિભાગે સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. તે અનુસાર સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં વરસાદ વરસી રહ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. વહેલી સવારથી જ દ્વારકામાં વરસાદી માહોલ જામ્યો હતો અને કલ્યાણપુર અને દ્વારકામાં સારો એવો વરસાદ વરસ્યો છે. દ્વારકામાં રોડ-રસ્તા પર વરસાદી પાણી ભરાયા છે. વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ છે.

# આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં PMJAY-મા યોજનાની ગર્વનિંગ બોડીની બેઠક યોજાઇ



આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતેઁ સ્નદછરૂ-મા યોજનાની ગર્વનિંગ બોડીની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં યોજના સંલગ્ન વિવિધ એજન્ડા સંદર્ભે વિગતવાર ચર્ચા અને સમીક્ષા હાથ ધરવામાં આવી હતી. યોજના અંતર્ગત રાજ્યમાં થતી પ્રવર્તમાન કામગીરી, એમ્પેનલ હોસ્પિટલની સ્થિતી, ભાવી આયોજન સંદર્ભે આ બેઠકમાં ચર્ચા થઇ હતી.ઁ સ્નદછરૂ-મા યોજના અંતર્ગત રાજ્યની એમ્પેનલ હોસ્પિટલમાં ગેરરીતીના કિસ્સા ધ્યાને આવતા સત્વરે કડકમાં કડક કાર્યવાહી હાથ ધરવા મંત્રીશ્રી ઋષિકેશ પટેલે આરોગ્ય વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. રાજ્યના કોઈપણ નાગરિકના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા લોકો અને હોસ્પિટલની ગેરરીતીને કોઈપણ ભોગે ચલાવી લેવામાં આવશે નહી તેમ પણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલે ભારપૂર્વક કહ્યું હતુ. ઁ સ્નદછરૂ-મા યોજના અંતર્ગત થતાં દાવાઓનુ ફિલ્ડ ઈન્વેસ્ટિગેશન અને વેરીફિકેશન માટેની સિસ્ટમ વધું સ્ટ્રોંગ બનાવવામાં આવશે જેના સંદર્ભમાં વિસ્તૃત ચર્ચા કરાઇ હતી..૧૧ મી જુલાઇ ૨૦૨૩ થી આ યોજના અંતર્ગત રૂ. ૫ લાખના વીમા કવચની રકમ રૂ. ૧૦લાખ થઇ રહી છે તે સંદર્ભે પણ વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં આરોગ્ય વિભાગના કમીશ્નરશ્રી શાહમિના હુસૈન, આરોગ્યવિભાગના ઉચ્ચ અધિકારીઓ, પી.એમ.જે.એ.વાય. મા યોજના સાથે સંકળાયેલા અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# જુનાગઢ મનપાએ દુનિયાની પ્રથમ વોટર ક્રેડિટ મેળવી ગૌરવ વધારીને વિશ્વમાં ડંકો વગાડ્યો

જૂનાગઢ,તા.૭

જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા ૨૦૧૪ થી પાણી સંગ્રહ માટેની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ કે ઘરે ઘરે વરસાદી પાણી નો સંગ્રહ થાય અને બોરના તળ ઊંચા આવે જેને લઈ કામગીરી કરવામાં આવી રહી હતી. અત્યાર સુધીમાં ૬૦૦ કીટો શહેરના જુદા જુદા વિસ્તારોમાં લગાડવામાં આવી છે. જેના પગલે મહાનગરપાલિકાને વોટર ક્રેડિટ મળ્યું છે.

જુનાગઢ મહાનગરપાલિકાને મળેલી આ સિદ્ધિ અને યુનિવર્સલ કાર્બન રજીસ્ટર નામની સંસ્થા દ્વારા આપવામાં આવી છે. ત્યારે અત્યાર સુધીમાં ૯૦ લાખ યુનિટ વોટર ક્રેડિટ મળી છે સાથે હસનાપુર ડેમમાં પાણીનો ઉપયોગ કરીને મહાનગરપાલિકાએ સૌથી મોટું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી આ સિદ્ધિ હાંસલ કરી છે.

જૂનાગઢને આ ગૌરવ મળતાની સાથે જ આગામી સમયમાં મહાનગરપાલિકાની આવકમાં પણ વધારો થશે કારણ કે ૯૦ લાખ યુનિટ પાણી બજારમાં વેચી શકશે અને તેમાંથી થનારી આવક મહાનગરપાલિકાના વિકાસ માટે કામ લાગશે. આમ જુનાગઢ મહાનગરપાલિકાએ વધુ એક સિદ્ધિ હાંસલ કરી અને ગુજરાત સહિત વિશ્વ ફલક પર ડંકો વગાડ્યો છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.